ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ)ના વહીવટ માટે વડી કચેરીની મંજૂર કરેલ મહેકમની અગીયાર હંગામી જગ્યાઓ તા:૨૮/૦૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવા અંગે......

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૦૨૦૧૨/૧૩૦૫૧૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૦/૦૨/૨૦૧૭.

વંચાણે લીધા-

૧. આ વિભાગનો સરખા ક્રમાંકનો તા:૧૨/૦૨/૨૦૧૬નો ઠરાવ.
૨. આ વિભાગનો તા.૧૬/૦૬/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અપબ/૧૩૨૦૧૪/૯૩૮૦૮૨/જ.
૩. આ વિભાગનો તા.૩૦/૦૭/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અપબ/૧૪૨૦૧૫/૪૫૪૯૨૦/જ.
૪. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ) (જુનુ નામ:ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમ), ગાંધીનગરનો તા:૨૪/૦૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૭/૨૮૯-૨૯૦.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક-૧ પરના વિભાગના સરખા ક્રમાંકના તા:૧૨/૦૨/૨૦૧૬ના ઠરાવથી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ) (જુનુ નામ:ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમ)ના મહેકમની આઠ (૮) હંગામી જગ્યાઓ તા:૨૮/૦૨/૨૦૧૭ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વિભાગના ક્રમાંક-૨ પરના તા:૧૬/૦૬/૨૦૧૫ના ઠરાવથી એક હિસાબી અધિકારી (વર્ગ-૨) અને એક મદદનીશ પ્રોજેક્ટ મેનેજર(વર્ગ-૩) એમ કુલ ૨ જગ્યાઓ તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-૩ પરના તા.૩૦/૦૭/૨૦૧૫ના ઠરાવથી નિગમના અધ્યક્ષશ્રી માટે અંગત મદદનીશની (સ્ટેનો ગ્રેડ-૩) એક જગ્યા મંજૂર કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક-૪ ઉપર દર્શાવેલ નિગમના પત્ર દ્વારા નિગમની અગીયાર (૧૧) જગ્યાઓને તા.૨૮/૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), (ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમ) ગાંધીનગર હેઠળની અગીયાર (૧૧) હંગામી જગ્યાઓની મુદત લંબાવવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ઉક્ત નિગમ હેઠળની નીચે મુજબની કુલ અગીયાર (૧૧) હંગામી જગ્યાઓ પૈકી હિસાબી અધિકારી (વર્ગ-૨)ની એક(૧) અને મદદનીશ પ્રોજેક્ટ મેનેજર (વર્ગ-૩)ની એક(૧) મળી કુલ-૨(બે) જગ્યાઓ ૧ વર્ષથી ૩ વર્ષના સમયગાળાની ખાલી જગ્યાઓ હોવાથી આ ૦૨ જગ્યાઓને

એબેયન્સમાંથી મુક્ત કરવાની શરતે તા:૦૧/૦૩/૨૦૧૭થી તા:૨૮/૦૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડિરેક્ટર | ૧ | ૧ |
| ૨ | મેનેજર-વહીવટ | ૨ | ૧ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ |
| ૪ | મદદનીશ પ્રોજેક્ટ મેનેજર | ૩ | ૧ |
| ૫ | કચેરી અધિક્ષક | ૩ | ૧ |
| ૬ | જુનિયર કલાર્ક | ૩ | ૧ |
| ૭ | અંગત મદદનીશ | ૩ | ૧ |
| ૮ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૩ | ૧ |
| ૯ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૩ | ૧ |
| ૧૦ | પટાવાળા | ૪ | ૨ |
| કુલ | | | ૧૧ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા:૧૫/૦૨/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ:-

- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ૪/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી - કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવને વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૧૭.